# અરુણોદય

એપ્રિલ- ૨૦૨૪

અંક – ૫૮

સંપાદકીય બોર્ડ
- બ્રિગે.પરવિન્દર સિંઘ
- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા

અનુક્રમણિકા

- આવો ધરતીનું કર્જ ઉતારીએ.....
- આદર્શ શિક્ષક(શ્રી કૃષ્ણ)
- Women's Health Day
- પ્રવચનનો પ્રભાવ
- Making the Most of Your Summer Vacation : Tips for Students
- કુળદેવી
- મારું ખેતર મારો મહેલ
- લખવું એટલે મારે મન....
- એકાગ્રતા
- શાળાની પ્રવૃત્તિઓ




ડિઝાઈનઃ– એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૭૦૯૯૯૫૨૪૦૧

# તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન “અરૂણોદય” એપ્રિલ-૨૦૨૪ ,અંક-૫૮ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી




# આવો ધરતીનું કર્જ ઉતારીએ.....



મિતેશકુમાર એમ. ઠક્કર
માધ્યમિક શિક્ષક


22 એપ્રિલ વિશ્વ પૃથ્વી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ પ્રથમવાર એપ્રિલ 1970માં એ હેતુથી ઉજવવામાં આવ્યો હતો કે લોકોને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનાવી શકાય. તેમા કોઈ શક નથી કે અમેરિકાના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ અલ ગોરનુ પુસ્તક 'ઈનકંવીનિએટ ટૂથ' અને 2007માં તેમને સંયુક્ત રાષ્ટ્રના આઈપીસીસીની સાથે સંયુક્ત રૂપથી મળેલ નોબેલ પુરસ્કારે આ તરફ જાગૃતતા વધારવામાં મદદ કરી છે. આમ છતા મુદ્દાનુ સમાધાન હજુ દૂર છે.

બ્રિટનના પૂર્વ ઉર્જા મંત્રી અને હાઉસ ઓફ લોર્ડ્સની જળવાયુ પરિવર્ત પર રિપોર્ટ આપનારી સમિતિના સભ્ય નિગેલ લોસનની એક પુસ્તકમાં કહેવામાં આવ્યુ છે કે પૃથ્વી દિવસ આપણે એ વૈશ્વિક ખાદ્ય સંકટની પૃષ્ઠભૂમિમાં મનાવી રહ્યા છે, જેણે જળાવાયુ પરિવર્તનના કેટલાક નવા પ્રશ્ન ઉભા કર્યા છે. પર્યાવરણ પર પ્રશ્ન જ્યા સુધી તાપમાનમાં વધારાથી માનવતાના ભવિષ્ય પર આવનારા સંકટ સુધી સીમિત રહ્યો ત્યાં સુધી વિકાસશીલ દેશોનુ આ તરફ ધ્યાન નહોતુ ગયુ. હવે જળવાયુ ચક્રનુ સંકટ ખાદ્યાન્ન ઉત્પાદન પર પડી રહ્યુ છે, ત્યારે ખેડૂત એ નક્કી નથી કરી શકતો કે હવે ક્યારે તે બોવણી કરે અને ક્યારે કાપણી ? આવામાં થોડાક જ દેશ એવા છે જે આ સંકટને નજરઅંદાજ કરી શકે છે. જળવાયુ પરિવર્તન સિવિલ સોસાયટી રિપોર્ટના લોકાર્પણ પર યોજના આયોગના ઉપાધ્યક્ષ મોંટેકસિંહ

અહલુવાલિયાએ એક વિકાસશીલ દેશના દ્રષ્ટિકોણથી પ્રશ્ન ઉઠાવ્યો હતો કે કોણે આ મુદ્દા પર પહેલ કરવી જોઈએ. ઈશારો અને તર્ક બંને સાચા હતા, પરંતુ વૈશ્વિક ખાદ્ય સંકટના સમયમાં સૌથી વધુ અસર તો વિકાસશીલ દેશો પર જ પડે છે. આવા સમયે જો આપણે પર્યાવરણ પર સામૂહિક પ્રયત્નો માટે જોર લગાવીએ તો તેનો સૌથી વધુ લાભ આપણને જ મળશે.

વર્ષમાં એક જ દિવસ કેમ, રોજ કેમ નહી !

દુનિયાભરમાં વર્ષમાં એક દિવસ પૃથ્વી દિવસ મનાવવામાં આવે છે. પરંતુ 1970થી દર વર્ષે 22 એપ્રિલના રોજ મનાવાતો વિશ્વ પૃથ્વી દિવસનુ સામાજિક અને રાજનીતિક મહત્વ છે. આમ તો 21 માર્ચના રોજ મનાવાતો 'ઈંટરનેશનલ અર્થ ડે'ને સંયુક્ત રાષ્ટ્રનુ સમર્થન મળ્યુ છે. પરંતુ આનુ વૈજ્ઞાનિક અને પર્યાવરણ સંબંધી મહત્વ જ છે. તેના ઉત્તર ગોળાર્ધના વસંત અને દક્ષિણી ગોળાર્થના પાનખરના પ્રતિક રૂપે મનાવવામાં આવે છે. પરંતુ દુનિયાના મોટાભાગના દેશોમાં હવે 22 એપ્રિલ જ 'વર્લ્ડ અર્થ ડે' ના રૂપમાં ઉજવવામાં આવે છે. અત્રે એ ઉલ્લેખનીય છેકે આ દિવસ અમેરિકી સીનેટર ગેલાર્ડ નેલ્સનની મગજની ઉપજ છે જે ઘણા વર્ષોથી પર્યાવરણને સર્વ માટે એક રસ્તો શોધી રહ્યા હતા. આમ તો એવી ઘણી તરકીબ છે જેના દ્વારા આપણે એકલા અને સામૂહિક રૂપે ઘરતીને બચાવવામાં ફાળો આપી શકીએ છીએ. આમ તો આપણે દરેક દિવસ પૃથ્વી દિવસ માનીને તેના બચાવ માટે કંઈ ને કંઈ કરતા રહેવુ જોઈએ. પરંતુ પોતાની વ્યસ્તતામાં વ્યસ્ત માણસ જો વિશ્વ પૃથ્વી દિવસના દિવસે જ થોડુ ઘણુ યોગદાન આપે તો ઘરતીના કર્જને થોડુ ઉતારી શકે છે.






# આદર્શ શિક્ષક(શ્રી કૃષ્ણ)

એમ.એ.ગોસ્વામી
માધ્યમિક શિક્ષક

શિક્ષક વર્ગમાં વિદ્યાર્થીને માર્ગદર્શન આપે છે એમ શ્રીકૃષ્ણ પણ અર્જુનને યુધ્ધના મેદાનમાં માર્ગદર્શન આપે છે કે શું કરાય અને શું ના કરાય. અર્જુન પોતાના સગાંઓની સામે યુદ્ધ કરવાની ના પાડે છે અને હથિયાર હેઠાં મૂકી દે છે. ત્યારે શ્રીકૃષ્ણ સાચો રસ્તો બતાવે છે કે તેણે યુધ્ધ કરવું જોઈએ. વિદ્યાર્થી શિક્ષકે જણાવ્યા પ્રમાણે કરે છે તેમ અર્જુન પણ શ્રીકૃષ્ણના ઉપદેશને માનીને યુધ્ધ લડવા તૈયાર થઈ જાય છે. અહીં આદર્શ શિક્ષકની જેમ શ્રીકૃષ્ણ અર્જુનને કોઈ દબાણ કરતા નથી કે નથી હુકમ કરતા કે તારે યુધ્ધ કરવું જ પડશે, પણ ઉપદેશ કે માર્ગદર્શન આપીને તેની ફરજ શું છે તે જણાવે છે, જે આદર્શ શિક્ષકની નિશાની છે.

અંતે અર્જુન શ્રીકૃષ્ણના કહ્યા મુજબ જ કરે છે અને યુધ્ધ લડવા તૈયાર થઇ જાય છે. અર્જુનને યુધ્ધ લડવા માટે માનસિક રીતે તૈયાર કરવા શ્રીકૃષ્ણ અર્જુનને શા માટે યુધ્ધ કરવું જોઈએ તે સમજાવે છે, એટલું જ નહીં પણ યુધ્ધ નહીં કરે તો શું નુકસાન થશે એ પણ સમજાવે છે. જેમકે, મહાન યોધ્ધાઓ તને કાયર કહેશે, શત્રુઓ તારા માટે કડવા વેણ કહેશે, યોધ્ધા તરીકેની તારી કીર્તિ ગુમાવીશ, ક્ષત્રિય તરીકેના કર્તવ્યની ઉપેક્ષા કરીને પાપનું ફળ મળશે વગેરે.



# Women's Health Day



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

Every year 8th March is celebrated as ' Women's Day' . It aims to abolish gender discrimination and to give her justice in getting her rights. This effort has been made to give her equal status in society. She is a pillar of family , she is pillar of a society, yet unluckily we have to make effort for her equal status. Man is important in his way, woman is important in her way, both are important for society's existence, for development of Nation but we have to celebrate women's day. It shows that somewhere, somehow – she is deprived of her rights. Which hinder overall development of women. Not only for economic rights but also emotionally she should be protected.


May 28 has been celebrated as 'International Day of Action for Women's health' around the world - since 1987. The aim of the day is to make people aware about issues related to women's health and wellness such as sexual and Reproductive health rights.

Around 50 million women in India suffer from reproductive health problems. Anemia affects around 50% of women of reproductive age in India, leading to complications during pregnancy and childbirth. Also breast cancer and cervical cancer remain the most common cancer among women in India.

Historically purple was a colour that denoted justice and dignity and now it is used to represent women. Green is symbol of hope. Today purple is the colour of international women's day and combined with green represents the feminist movement .

Women's health refers to the branch of medicine that focuses on the treatment and diagnosis of diseases and conditions that affect women's physical and emotional well-being.







# પ્રવચનનો પ્રભાવ



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

એવું કહેવાય છે કે વાણી એ પ્રભુનો પ્રસાદ છે. ઇશ્વર તરફથી મળેલ અનમોલ ભેટ એટલે માનવને મળેલી વાચા. વ્યક્તિઓનું જીવન સાદગીમય હોય પરંતુ તેમના પ્રવચનની છટાથી ઘણાં બધા લોકો પ્રભાવિત થતા હોય છે. એવા જ આપણા યુવા નેતા એટલે સ્વામી વિવેકાનંદ. જ્યાં જ્યાં વિવેકાનંદ જતા ત્યાં ત્યાં તેમને સાંભળવા લોકોની ભીડ જામતી.

શિકાગોમાં સ્વામી વિવેકાનંદના નામની ખૂબ પ્રશંસા થતી હતી. સૌ કોઇ એમના દર્શન કરવા ઇચ્છતા હતાં. તેમનું પ્રવચન સાંભળવા ઇચ્છતા હતાં . એક વખત તેમના પ્રવચન સમયે અમેરિકાના ધનિક રોકફેલર તેમને મળવા પહોંચ્યા. તેમણે સ્વામીજીને ધર્મ , આત્મા , પરમાત્મા વગેરે સંબંધી અનેક પ્રશ્નો પૂછયાં. સ્વામીજીના જવાબથી તેઓ સંતુષ્ઠ થયા.

સ્વામી વિવેકાનંદ વાત વાતમાં જણાવ્યુંકે "ધનવાન વ્યક્તિએ ભગવાનની કૃપા મેળવવા પોતાની કમાણીનો મોટો ભાગ સમાજ સેવામાં સમર્પિત કરવો જોઇએ કેમકે ધનિકે મેળવેલો પૈસો સમાજ માંથી જ મેળવેલો હોય છે. તે કમાણી પર સમાજ ના ઘણાં ઉપકાર હોય છે. સમાજ થકી જ તેની પ્રતિષ્ઠા વધતી હોય છે. તેથી ધનિક સમાજનો ઋણી છે.

આજે કહેવાતા ધનિક લોકો પૈસાના જોર થી સમાજનું ભલુ કરવાના બદલે અહિત કરતા હોય છે. જે સમાજ તેને આગળ લઇ જવામાં મદદરૂપ બન્યો હોય તે સમાજનું ઋણ ચૂકવવાને બદલે સમાજની પડખે ઊભા રહેવાનું ટાળે છે. કારણ સંપતિનો નશો માણસમાં અહંકાર ઊભો કરે છે.

સ્વામીજીની વાત સાંભળી રોકફેલર ઘરે ગયા તેમને આખી રાત ઊંઘ ન આવી. બીજા દિવસે તેમણે સંકલ્પ કરી રોકફેલર ફાઉન્ડેશનની સ્થાપના કરી સમાજ સેવા શરૂ કરી. સ્વામીજીની પ્રેરણાથી રોકફેલર અમેરિકાના અગ્રણી સમાજ સેવક બન્યા. સ્વામીજીના પ્રવચનનો પ્રભાવ લોકોને સાચા માર્ગે દોરવા પ્રેરતો હતો.

ખરેખરે ધનાઢ્ય લોકોએ જરા ઝીંણવટથી વિચાર કરવો જોઇએ કે પોતાને મળેલી સંપતિમાં ઇશ્વરનો ખૂબ મોટો હાથ છે. ઘણી બધી કૃપા છે . તેણે એ પણ વિચારવું જોઇએ કે ઇશ્વરે બીજા કરતાં મને શા માટે વિશેષ સંપતિ આપી છે ? પોતાને મળેલી સંપતિથી 'જન સેવા એ જ નારાયણ સેવા' સમજી સમાજની મોટી સેવા કરવાની તક ચૂકવી ન જોઇએ.



# Making the Most of Your Summer Vacation : Tips for Students



**Puneet Singh**
Overman,
Umarsar Lignite Project

**As the annual exams draw to a close, students eagerly anticipate the onset of their long-awaited summer vacation. This extended break offers a golden opportunity for relaxation, exploration, and personal growth. However, to truly make the most of this time, students should consider a balance of leisure and productivity. Here are some tips to help students utilize their summer vacation effectively:**

### 1. Plan Ahead:

**Before diving into the summer break, take some time to outline your goals and aspirations for the vacation period. Whether it's learning a new skill, pursuing a hobby, or embarking on a volunteering opportunity, having a clear plan can provide direction and motivation.**

### 2. Pursue Passions:

**Summer vacation is the perfect time to indulge in activities that bring joy and fulfillment. Whether it's painting, writing, playing a musical instrument, or engaging in sports, dedicate time to nurture your passions and explore new interests.**

### 3. Read Widely:

**Expand your horizons by delving into a variety of books, both fiction and non-fiction. Reading not only enhances vocabulary and comprehension skills but also fosters creativity and critical thinking.**



### 4. Stay Active:

**Maintain a healthy lifestyle by incorporating regular exercise into your daily routine. Whether it's going for a run, practicing yoga, or playing outdoor games, staying active is essential for physical and mental well-being.**

**5. Explore Nature:**

**Take advantage of the warm weather and explore the great outdoors. Go for hikes, picnics, or nature walks to appreciate the beauty of the natural world and rejuvenate your mind and spirit.**

**6. Learn Something New:**

**Use the summer vacation to acquire new knowledge and skills. Whether it's learning a new language, mastering a musical instrument, or exploring coding, challenge yourself to step out of your comfort zone and embrace lifelong learning.**

**7. Volunteer:**

**Make a positive impact in your community by volunteering your time and talents. Whether it's participating in environmental clean-up drives, tutoring younger students, or assisting at a local charity, giving back can be incredibly rewarding and fulfilling.**

**Amidst the hustle and bustle of daily life, summer vacation provides a precious opportunity to bond with family members. Whether it's through shared activities, family outings, or simply spending quality time together at home, cherish these moments and strengthen your familial connections.**

***Summer vacation is a precious gift, offering students a chance to recharge, explore, and grow. By following these tips and embracing a spirit of curiosity and adventure, students can make the most of their vacation and return to school refreshed, inspired, and ready to take on new challenges.***





# કુળદેવી



એમ.એ.ગોસ્વામી
માધ્યમિક શિક્ષક

દરેકના કુળ પ્રમાણે કુળ દેવી કે દેવતા હોય છે. જેની અસીમ કૃપા થી આપણો પરિવાર સુખ, શાંતિ, અને સલામતી અનુભવતો હોય છે. કુળદેવતા કે સુરાપુરા નાં આશીર્વાદ થી સુખ અને શાંતિ, જે કદાચ આપણને, કરોડો રૂપિયા કમાતા લોકો ના ઘર માં નથી જોવા મળતી , તેવું આધ્યાત્મિક તેજ અને સંતોષ, કુળદેવીની કૃપા થી, આપણા પરિવાર માં જોવા મળે છે.....ને આ એક સત્ય હકીકત છે. વળી આ કુળદેવતા આપણું રક્ષણ કરે છે તથા કોઈ સમયે જીવનમાં ખોટા રસ્તે ભટકી જતા હોઈએ તો, સાચો માર્ગ બતાવે છે.

## કુળદેવી શું કરી શકે છે.?

જીંદગીમાં અત્યાર સુધી પડતી મુશ્કેલી અને આવનાર મુશ્કેલીઓ માટે માર્ગદર્શક બની તમારી રક્ષા કરશે.

આપણને ખોટા નિર્ણય લેતા રોકશે, અને સાચા નિર્ણય માટે માર્ગદર્શક બની તમારી આગળ ચાલશે.

જે વ્યક્તિને આ સત્યનો અહેસાસ અને અનુભવ થતો હોય તેના માટે છે. આમાં તાર્કિક દલીલને કોઈ સ્થાન નથી.


કુળદેવી ને ધરાવવાની કે ચઢવવાનીવસ્તુઓ ની નોંધણી કરી પરીવારના બીજા સભ્યો અથવા વિદેશમાં રહેતા લોકોને જાણ કરો.

પોતાના પરિવાર અથવા કુટુંબની પ્રથા પ્રમાણે દરેક પરીવારમાં નિવેદ... નૈવેદ્ય થતાં હોય છે, તો તે વિગતો અનુસાર માતાજી ને કે કુળદેવી ને નિવેદ અવશ્ય કરવા.


શ્રધ્ધા અને વિશ્ર્વાસ એક અદ્દ્ભુત ચીજ છે, જે ચમત્કાર પણ સર્જી શકે છે.!-- હા,આજે પણ..! તો કોઈ પણ કુળદેવી ની ઉપાસના કરવી હોય તો, શ્રધ્ધા અને વિશ્ર્વાસ થી જ કરવી જોઈએ.

## આટલું અવશ્ય સમજો

આપણા કુળદેવી ને કુળદેવતા આપણી ભાવભકિતનાં ભૂખ્યા છે. તેઓ ને કોઇ ચીજ વસ્તુઓ કે નિવેદ (નૈવેદ્ય) ની ભૂખ ન હોય. તેમનામાં શ્રદ્દ્ધા રાખીશું તે આપણા માટે સારી છે. અને નહિ રાખીશું તો તેમને નુકસાન નહિ થાય - આપણને થશે.



# મારું ખેતર
# મારો મહેલ



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક


માનવ જીવનમાં સંતોષને સૌથી મોટું સુખ ગણવામાં આવે છે. બીજા પાસે હોય તેટલું મારી પાસે પણ હોવું જોઈએ. તેમ માનનારાઓનાં દુ:ખનો કોઈ પાર નથી. પોતાની રામજીની કુટિયાં સમાન ઝુપડીમાં પણ જેને મહેલ જેવું સુખ જણાતું હોય તેવો માનવ કદી દુ:ખી થતો નથી.

એક મહેનતુ ખેડુત પોતાના ખેતરમાં ખૂબ જ દિન રાત મહેનત કરતો અને ઊભા પાકને જોઈએ ખૂબ ખુશ થતો . એક વખત તે પોતાની પત્ની સાથે ખેતરે જઈ રહયો હતો. રસ્તામાં રાજમહેલ આવતો હતો. તે રાજમહેલ જોઈ ખેડૂતની પત્નીના પગ થંભી ગયા. તેથી તે ચાલવામાં પાછળ રહી ગઈ. ખેડૂત તેને બૂમ પાડીને કહયું. "અરે ભગવાન ? આ મહેલને જોઈને તું તારો સમય શા માટે બગાડે છે ? તેનાં કરતાં આપણો મહેલ ઘણો સારો છે. જલ્દી કર મોડું થાય છે."

રાજા પોતાની રાણી સાથે મહેલના ઝરુખામાં બેઠો હતો. તણે ખેડૂતને બોલાવ્યો અને પૂછયું, તારો મહેલ ક્યાં છે ? "ખેડૂત હાથ જોડીને બોલ્યો, 'મા - બાપ' ! અનાજ ભરેલ ડાળીઓથી લહેરાતા હરિયાળા ખેતરો જ અમારા મહેલ છે. તેનાથી અમારી રોજગારી ચાલે છે અને અમારું બધાનું પોષણ થાય છે. તેથી જ બધાથી સુંદર અમારો આશ્રય દાતા છે. મહારાજ ! અમારા મહેલો જેવી વાત તમારા મહેલોમાં ક્યાં ?"

ખેડૂતની વાત સાંભળી રાજા કંઈ જવાબ ન આપી શક્યો.

ખરેખર એમ કહી શકાય કે એક ખેડૂતના મહેનતના પરસેવાથી સિંચેલું ખેતર રાજમહેલ સમાન છે. જેના કોષોમાં સાચા મોતી ઊગે છે તે જનતાના અન્નદાતા છે. તેથી જ ખેડૂતને રાજા સમાન ગણાવી શકાય. " જય જવાન , જય કિશાન કહેવતમાં કંઈ ખોટું નથી."



# લખવું એટલે મારે મન....



વી.જી.રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

વ્યક્તિ માટે લેખન એ યોગ જેવી સાધના છે. લખતી વખતે જયારે ખોવાય જવાનો અનુભવ થાય ત્યારે જ વિચારોની મોસમ કાગળ પર ખીલી ઊઠે છે. લખતી વેળાની જે ક્ષણો હોય છે એ જીંદગીની બીજી ક્ષણો કરતા કંઈક જુદી હોય છે. એ ક્ષણોમાં સર્જન છે અને એમાંજ એક અનુભૂતિનું વિસર્જન છે.

વાંચવામાં સરળ લાગે તેવું લખવું ખૂબ જ અઘરું છે. આમ  તો લખવું એટલે......

"કાગળના ટુકડાને તમારા હદયના શ્વાસથી તરબતર કરી દેવો."

લખવું એ મૌન સાથેનો સંઘર્ષ છે. લખવું સહેલું ત્યારે જ બને છે કે જ્યારે આપણે કંઈક કહેવાનું મન થાય. લખવું એ પણ એક તપસ્યા છે. શબ્દનો  માધ્યમથી અર્થ સાધના કરતા લખવામાં આવેને ત્યારે કહેવાય છે કે.....

" શબ્દ જ્યારે પણ સમજણો થાય છે

અર્થ ત્યારે કંકુવરણો થાય છે"

શાહીના ટીપા દ્વારા કાગળ પર જ્યારે લખાણ કરવામાં આવે ત્યારે કહવાય છે કે.....

"કાગળના આંસુને લૂછવા જતાં કવિતા મળે અને કાગળના હરખ પદુડાપણાને દાદ આપવા જતા લેખ મળે"

શાહીના ટીપાથી બનતા શબ્દોની વાત કરીએ તો......

" બારણે લખ્યા કર તું, શબ્દથી બીજુ શું સવાયું છે ? કોઈનું ક્યાં થયુ તે  તારું  થાય , શાહીનું ટીપું તો પરાયું છે."

આમ મારે મન લખવું એ શબ્દ - સાધના છે. યોગ સાધના છે, જગતમાં વિખરેલા શબ્દોને ભેગા કરીને અર્થસભર બનાવવાની માનસિક શ્રમસાધના છે. આ માનસિક સાધના જ જીવન અને જગતને ગતિ અને પ્રગતિ તરફ લઈ જવાનું કામ કરે છે.



# એકાગ્રતા

**આદત પડવાથી એકાગ્રતા સધાય છે,**
**એકાગ્રતાથી શ્રેષ્ઠતા હાસિલ થાય છે.**



એ.આર.ડાભી
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

એકવાર એક સંતમહાત્મા પોતાના શિષ્યો સાથે બીજા ગામ સત્સંગ માટે જઈ રહ્યા હતા. જતા હતા ત્યારે રસ્તામાં એક ખેતરમાં ખેડૂત પોતાના પાકને પાણી પાઈ રહ્યો હતો. પરંતુ તેના ખેતરમાં અમુક અંતરે મોટા મોટા ઉંદરોના ખાડા પડેલા હતા, બધું જ પાણી જમીનમાં ઉતરી જતું હતું. આથી ખેતરમાં ઉભો પાક સુકાઈ જતો હતો. નિરીક્ષણ કરીને ખેડૂતને ખાડા પૂરી દેવા જણાવ્યું. ઉંદરો બધું જ પાણી જમીનમાં લઈ લે છે. આથી તમારા પાકને પોષણ મળતું નથી.

ખેડૂતે બધાજ ખાડા બરાબર રીતે પૂરી દીધા અને પછી પાકને ખાતર, પાણી સારી રીતે આપવા લાગ્યો. ખેતરમાં ફરી પાછો મોલ લહેરાવા લાગ્યો અને સારો પાક ઉતર્યો. સંત મહાત્માએ ખેડૂતને જણાવ્યું કે તમારામાં જે જડતા લોભવૃત્તિ અને પોતા કરતાં બીજાનાં દોષો જોયા કરો છો તે દૂર કરો. તમારા મનમાં જે દુષ્ટતાના ખાડા છે તે પૂરી દો પછી જુઓ તમારું જીવન કેટલું સુંદર બનશે. મનમાં એકાગ્રતાની જરૂર છે. જેમ ખેતરમાં ખાડા પૂરી દીધા અને વ્યવસ્થિત રીતે તેની ખેડ, ખાતર અને પાણી મળતા તેનામાં નવું જીવન પ્રાપ્ત થયું. તેમાં આપણા મનની જડતાને દૂર કરતાં છોડને નવું જીવન મળી ગયું, તેમ આપણા જીવનમાં પણ સૌ પ્રત્યે સંપ, પ્રેમ અને સત્યનિષ્ઠા અને સેવા જોવા સદગુણો રૂપી એકાગ્રતા જરૂરી છે.

મહાત્માના ઉપદેશની ખેડૂતને સારી એવી સમજણ અને સલાહ સમજમાં આવી. તે દર વર્ષે આ રીતે ખેતરમાં વ્યવસ્થિત ખેડ, ખાતર અને પાણી આપવા લાગ્યો અને ખેતરની ચારે તરફ પણ સારી એવી રીતે માવજત કરવા લાગ્યો. એકાગ્ર મને પાકની માવજત કરવા લાગ્યો તેના જીવનમાં પણ ખૂબ પરિવર્તન આવી ગયું. તેનામાં જે દૂર્ગુણો હતા તે દૂર કરવા પ્રયત્ન કરવા લાગ્યો. પોતના બે બળદોને પણ ખૂબ પ્રેમથી શણગારીને ખેતરે ખેડ કરવા લઈ જતા. તેઓ પ્રત્યે પણ ખૂબ પ્રેમાળ અને માયાળુપણે વર્તતો અને તેમની સેવા કરતો.

મિત્રો જોયું સંતમહાત્માએ ખેડૂતના જીવનમાં જે જડતા નિંદા, કપટ, બીજા પ્રત્યેની ખરાબવૃતિ વગેરે દૂર કર્યા અને મનની એકાગ્રતાની જે ઉણપ હતી તે પૂરી કરી. અને પોતાના ખેતરમાં પાકની જેમ માવજત કરતો તેમ સમાજમાં પણ પોતાના સગા સ્નેહી મિત્રો સાથે પણ પ્રેમથી અને સંપથી, આનંદથી પોતાનું જીવન વિતાવવા લાગ્યો.

કામની સફળતાનો બધો આધાર મન કે દ્રષ્ટિની એકાગ્રતા પર છે. સોયનું કાણું, દોરો અને નજરની એકાગ્રતા એક લીટીમાં ના આવે ત્યાં સુધી સોયમાં દોરો પરોવાતો નથી ઝડપ, દંભ, કપટ, ભય, ચિંતા કે કોઈપણ પ્રકારનો નશો વ્યક્તિને એકાગ્ર થવા દેતો નથી.

# શાળાની પ્રવૃત્તિઓ






શાળાની વિદ્યાર્થીનીઓ માટે ગુજરાત સરકાર દ્વારા કાર્યક્રમ
“ગુડ ટચ - બેડ ટચ”

મતદાન જાગૃતી અભિયાન અને પ્લાસ્ટીક હટાવો અભિયાન પ્રતિજ્ઞા



